PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા-03/૨૦૨૨-૨૩/ ૨૫૭-૩ તારીખ : ૧૧ - ૦૧ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,

બટુકભાઈ બચુભાઈ પરમાર

ભગવતીપરા, નંદનગર - ૧, ૨૫ વરિયા પાછળ, ખોડિયારડેરી વાળી શેરી રાજકોટ,

મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,

પીન કોડ. : ૩૬૦૦૦૩

મોબાઈલ : ૭૪૩૩૦૨૧૨૧૩

વિષય : બીલમાં રૂપિયા જમા આવવા બાબત.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૨-૧૨-૨૦૨૨.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૦/ક્વા-03/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય. આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ.

( સી. જે. ગજેરા )

કા.વા. કન્વીનર

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ.

પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૧.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર. સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(3) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, મોરબી રોડ રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૦/ક્વા-૩/૨૨-૨૩/૨૫૭-૩ તા. ૧૧-૦૧-૨૦૨૩

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

**Case No.PG-૨૦/ક્વા-૩/૨૨-૨૩**

| | |
|---|---|
| અરજદાર | : શ્રી બટુકભાઇ બચુભાઈ પરમાર ,ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર | : ગેરહાજર |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૧ રાજકોટ |
| રજૂઆત કરનાર | : શ્રી બી.સી.રાઠોડ, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી શહેર-૧ રાજકોટ અને શ્રી ડી.પી. રાઠોડ, નાયબ ઇજનેર, મોરબી રોડ, પેટાવિભાગીય કચેરી રાજકોટ |

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી એન. જી. કારિયા |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૩૦.૧૨.૨૦૨૨ (શુક્રવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૩૦.૧૨.૨૦૨૨(શુક્રવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર/ગેરહાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી બટુકભાઈ બચુભાઈ પરમાર ગ્રાહક નં ૬૨૯૦૪/૦૬૮૮૭/૨ થી ઘર વપરાશનું વીજજોડાણ ધરાવે છે. અરજદાર દ્વારા કચેરીએ વીજબીલ બતાવવા જતા તેઓને વીજબીલના ખાતામાં રૂપિયા જમા છે એવું જણાવેલ છે પરંતુ અરજદાર દ્વારા કોઈ રૂપિયા જમા કરાવેલ ન હોવાથી કઈ રીતે રૂપિયા જમા છે તે બાબતે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની રજુઆતના મુદ્દા અનુસાર જરૂરી પુરાવા સાથે લેખીત રજૂઆત નીચે મુજબ છે.

૩.૧ સદર ફરિયાદી અરજદારને મોરબી રોડ પેટાવિભાગીય કચેરી ખાતે તા.૨૬.૧૨.૨૦૨૨ ના રોજ રૂબરૂ બોલાવી બીલમાં જમા રકમ આવવાનું કારણ સદર વીજજોડાણ અગાઉ આજી -૨ પેટાવિભાગીય કચેરી હેઠળ હતું જે સબડીવીઝનનું વિભાજન થતા સદર વીજજોડાણ મોરબી રોડ પેટાવીભાગીય કચેરીમાં ટ્રાન્સફર થવાને કારણે શરત ચૂકથી આ પ્રકારના ઘણા બધા વીજગ્રાહકોના વીજબિલમાં શરત ચૂકથી રકમ જમા આવેલ જે સુધારવાની પ્રક્રિયા હાલમાં ચાલુ હોય જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. જેથી ફરિયાદી અરજદારને રજૂઆત અન્વયે ફરિયાદનું નિરાકરણ થતા ફરિયાદ પરત લેવાની લેખિત રજૂઆત તા.૨૬.૧૨.૨૦૨૨ થી કરેલ છે.

૩.૨ અરજદારની રજૂઆત મુજબ મોરબી રોડ પેટાવિભાગીય કચેરીમાં કર્મચારી બપોરે સમયસર આવતા નથી તથા અરજદાર સાથે ગેરવર્તણુ કરેલ છે, જે બાબતે ફરિયાદી અરજદાર બટુકભાઇ બચુભાઈ પરમારને રૂબરૂ બોલાવેલ ત્યારે સ્પષ્ટ માહીતી આપવા જણાવેલ પરંતુ ફરિયાદી દ્વારા કોઈ સ્પષ્ટ માહિતી રજુ કરાયેલ ન હોવાથી સદર બાબતમાં કોઈ તથ્ય જણાયેલ નથી તેમજ સદર ઓફીસના કર્મચારીઓ સમયસર ઓફિસમાં કામગીરી કરેછે તેમજ અરજદાર/ગ્રાહકો સાથે વિનમ્રતાથી અને ગ્રાહકલક્ષી અભિગમ ધરાવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદાર દ્વારા તેઓના આરજીપીયુ ટેરીફ હેઠળના વીજજોડાણ ગ્રાહક નંબર:-૬૨૯૦૪/૦૬૮૮૮/૨ થી વીજજોડાણ ધરાવે છે. અરજદારના વીજબીલ માહે સપ્ટેમ્બર-ઓકટોબર ૨૦૨૨ મા રૂપિયા ૨૨૩૭.૨૨ જમા આવેલ છે. જેની જાણકારી સબંધક પેટાવિભાગીય કચેરી દ્વારા મળેલ ન હોવાથી અરજદાર અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.૧ અને ૩.૨ મુજબ અરજદાર ની ફરિયાદનું પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ હોવાથી અરજદારનો લેખિત રજૂઆત તા.૨૬.૧૨.૨૦૨૨ થી અરજી પરત લીધેલ છે. આમ, સદર કેસમાં ફોરમ કક્ષાએથી હવે કંઈ કરવાનું રહેતું નથી.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (એન.જી.કારીયા) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |